# દેહ દઝાડતી ગરમીમાં પ્રજાને શાકભાજીના ભાવમાં રાહત

**જિલ્લામાં લીંબુ, મરચાંના ભાવમાં આંશિક ઘટાડો શરુ : લીંબુમાં કીલોગ્રામ દીઠ રૂા. ૬૦, મરચાંમાં રૂા.૪૦ નો ઘટાડો**





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

દેહદઝાડતી ગરમીમાં પ્રજાને શાકભાજીના ભાવમાં આંશિક રાહત જણાઈ રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લીંબુ અને મરચાંના ભાવમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે અન્ય શાકભાજીના ભાવ સ્થિર રહ્યા છે. વેપારીઓના મતે હવે સ્થાનિક આવક શરુ થતાં આવનારા દિવસોમાં ભાવમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કાળઝાળ ગરમીમાં લીંબુના ભાવ આસમાને પહોંચતાં પ્રજા લીંબુની ખટાશ ભૂલી જાય તેવી સ્થિતિ પેદા થઈ હતી. શાકભાજીની સ્થાનિક અને આંતરરાજ્ય આવક ઘટતાં જિલ્લામાં શાકભાજીના ભાવમાં ભડકા જેવી સ્થિતિ હતી. પ્રજા પણ શાકભાજીના વધતા ભાવથી ત્રસ્ત બની હતી પરંતુ હવે સ્થાનિક આવક ધીમે ધીમે શરુ થઈ રહી છે અને શાકભાજી માર્કેટમાં પણ ખેડૂતો સવારથી શાકભાજી વેચવા આવતા હોવાના દ્રશ્યો જોવા મળ્યા છે. સ્થાનિક આવક શરુ થતાં વેપારીઓ પણ હવે સ્થિતિ પારખીને શાકભાજીના વધતા ભાવમાં અંકુશ મૂક્યો છે. ખાસ કરીને મરચાં અને લીંબુના ભાવમાં કીલોગ્રામ દીઠ રૂ ૪૦ થી ૬૦ સુધીનો ઘટાડો જોવા મળ્યો જે આવતા સપ્તાહે વધુ ભાવ ઘટી શકે છે. પરંતુ બટાકા, ડુંગળી વગેરેના ભાવ સ્થિર રહ્યા છે પરંતુ ભીંડા, ગવાર, ગીલોડાંના ભાવમાં કીલો દીઠ રુ ૧૦થી ૨૦નો ઘટાડો જોવા મળ્યો.

### શાકભાજીના ઘટતા ભાવથી રાહત

| શાકભાજી | ભાવ | ગત સપ્તાહનો ભાવ (૧ કિલોગ્રામ) |
|---|---|---|
| લીંબુ | રૂા. ૨૦૦ થી ૪૦૦ | રૂા. ૨૪૦ થી ૩૦૦ |
| મરચાં | રૂા. ૫૦ થી ૬૦ | રૂા. ૮૦ થી ૧૦૦ |
| બટાકાં | રૂા. ૨૦ થી ૩૦ | રૂા. ૨૦ થી ૩૦ |
| ડુંગળી | રૂા. ૧૨ થી ૨૦ | રૂા. ૧૨ થી ૨૦ |
| આદુ | રૂા. ૩૫ થી ૪૦ | રૂા. ૩૫ થી ૪૦ |
| ભીંડા | રૂા. ૪૦ થી ૫૦ | રૂા. ૫૦ થી ૬૦ |
| ગવાર | રૂા. ૫૦ થી ૬૦ | રૂા. ૬૦ થી ૮૦ |
| દૂધી | રૂા. ૧૦ થી ૨૦ | રૂા. ૧૬ થી ૨૦ |
| કોબીઝ | રૂા. ૬૦ થી ૮૦ | રૂા. ૮૦ થી ૧૦૦ |
| કારેલાં | રૂા. ૩૦ થી ૪૦ | રૂા. ૪૦ થી ૫૦ |

## ધનસુરાના ભેંસાવાડા ખાતે તાલુકા હેલ્થ ઓફિસર અને મેડિકલ ઓફિસરઓનો વિદાય સમારંભ યોજાયો



ધનસુરા ના ભેંસાવાડા ખાતે તાલુકા હેલ્થ ઓફિસર અને મેડિકલ ઓફિસરશ્રી ઓ નો વિદાય સમારંભ યોજાયો હતો. ધનસુરા તાલુકા માં તાલુકા હેલ્થ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો.યોગેશભાઈ ગોસ્વામી, શીકા પી.એચ.સી ના મેડિકલ ઓફિસર ડો.મૌલિક પ્રજાપતિ ,આકરૂન્દ પી.એચ.સી ના મેડિકલ ઓફિસર ડો યાજ્ઞિક ચૌહાણ ની બદલી થતા તમામ નો વિદાય સમારંભ પ્રા.આ કેન્દ્ર ભેસાવાડા ખાતે તાલુકા અને પ્રા આ કેન્દ્ર ના આરોગ્ય કર્મચારીઓ દ્વારા યોજવામાં આવ્યો હતો જેમાં તાલુકા હેલ્થ ઓફિસર જે.કે. પ્રણામી ઉપસ્થિત રહ્યા હતા.જેમાં સહુએ તાલુકા આરોગ્ય અધિકારી અને મેડિકલ ઓફિસરશ્રી ઓની કામગીરી ને બિરદાવી હતી.

## વડોદરાની મહિલાએ પ્રાંતિજ ખાતે દવા પી લેતા સારવાર અર્થે ખસેડાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નર્સરી મા કામે આવતી એક મહિલાએ ઝેરી દવા પીલેતા મહિલા ને પ્રાંતિજ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવી હતી. વડોદરાના સાવલી ની ૩૫ વર્ષ ની પરણિત મહિલાએ કોઈ પણ અગમ્ય કારણોસર પ્રાંતિજ નર્સરી મા દવાગટગટાવી જતા મહિલા ને પ્રાંતિજ ખાતે આવેલ ઓમ હેલ્થ કેર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવી હતી જયા હાજર ડાં.વસંત બરંડા દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ ને કરી મહિલા ની સારવાર હાથધરી હતી તો પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળ ની કાયદેસર ની તપાસ હાથ ધરી હતી.

## જીગ્નેશ મેવાણીની ધરપકડને લઈ ધાનેરામાં કોંગ્રેસ તેમજ દલિત સંગઠન દ્વારા મામલતદારને આવેદનપત્ર




વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણીની મોડી રાત્રે આસામ પોલીસે પાલનપુર સર્કિટ હાઉસ ખાતેથી ધરપકડ કરતાં તેને લઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે , આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે પણ કોંગ્રેસ અગ્રણીઓ તેમજ દલિત સંગઠન દ્વારા વિશાળ રેલી યોજી ધાનેરા મામલતદારશ્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. અને માંગ કરી હતી કે ભાજપ સરકાર દ્વારા જે અવાજ દબાવી ખોટી રીતે ધરપકડ કરવામાં આવી રહી છે તેને તાત્કાલિક ધોરણે મુક્ત કરવામાં આવે નહિતર આવનારા સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. સાથે સાથે આસામ પોલીસ હાય તેમજ ભાજપ સરકાર હાય હાયના નારા પણ બોલાવ્યા હતા આ કાર્યક્રમમાં ધાનેરાના પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ ધાનેરા શહેર કોંગ્રેસ પ્રમુખ હરીસિંહ રાજપૂત યુથ કોંગ્રેસ પ્રમુખ જયેશભાઈ સોલંકી સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## બિનસચિવાલયની પરીક્ષામાં ઉમેદવારોની નીરસતા..!! અરવલ્લીમાં ૧૫ હજાર ઉમેદવારો ગેરહાજર




સમગ્ર રાજ્યમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત બિનસચિવાલયની પરીક્ષામાં ૧૫,૨૨૯ ઉમેદવારો ગેરહાજર રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં ૨૧,૨૭૦ જેટલા ઉમેદવારો નોંધાયા હતા, જેની સામે માત્ર ૬૦૪૧ જ ઉમેદવારો હાજર રહ્યા હતા. વારંવાર પેપર લીકની ઘટનાઓને લઈને આ વખતે પરીક્ષા કેન્દ્રોમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા હતા, જેમાં બનાસકાંઠા જિલ્લાના ઉમેદવારોને અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા, જ્યારે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ઉમેદવારોના નંબર બનાસકાંઠા જિલ્લામાં આવ્યા હતા, જેથી લાંબા રૂટ અને કેટલીક અવ્યવસ્થાઓને કારણે પણ ઉમેદવારોએ પરીક્ષા આપવાનું ટાળ્યું હોવાનું કેટલાક ઉમેદવારોએ જણાવ્યું હતું. છેલ્લા ઘણાં સમયથી પરીક્ષાઓની તૈયારીઓ કરતા ઉમેદવારો જ્યારે પરીક્ષા આપવા જાય ત્યારે પેપર લીક થયાની ઘટનાઓ સામે આવતા પરીક્ષાઓ મોકુફ રહેતી એટલી આવા ઉમેદવારો નાસીપાસ થતાં હતા, જેથી આ વખતે પરીક્ષાર્થીઓમાં ક્યાંક નીરસતા હોય તેવું લાગ્યું. અરવલ્લી જિલ્લામાં પરીક્ષાને લઇને જિલ્લા વહીવટી તંત્ર અને પોલિસ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી હતી. ચુસ્ત પોલિસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલ વચ્ચે પરીક્ષા તો સંપન્ન થઈ પરંતુ પરીક્ષાર્થીઓમાં નિરાશા પણ જોવા મળી હતો.

## જન્મદિને વધામણી



ઘનશ્યામ ચૌધરી, મુખી પુંસરી તાલુકો તલોદ



એકતા જયંતીલાલ પટેલ બાયડ



દીપક આર.પટેલ ગાબટ



હિરલ રવિભાઈ પટેલ ધનસુરા

## વડગામના પૂર્વ ધારાસભ્ય મણિલાલ વાઘેલા સાથીદારો સાથે ભાજપમાં જોડાયા

**મગરવાડા ખાતે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં વિજય વિશ્વાસ સંમેલન યોજાયું**

ડીસા, તા. ૨૪

વડગામ તાલુકાના મગરવાડા ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલની



અધ્યક્ષતામાં આયોજિત વિજય વિશ્વાસ સંમેલનમાં પૂર્વ ધારાસભ્ય મણિલાલ વાઘેલા સાથીદારો સાથે ભાજપમાં જોડાતા વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભર ઉનાળે રાજકીય ગરમાવો છવાયો છે

૩૫ વર્ષ સુધી સતત કોંગ્રેસમાં સેવા આપી પૂર્વ ધારાસભ્ય મણિલાલ જે?. વાઘેલાએ વર્ષ - ૨૦૨૧ માં પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. અને રવિવારે વડગામ વિધાનસભા ક્ષેત્રના મગરવાડા ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલ

વિજય વિશ્વાસ સંમેલનમાં મણિલાલ વાઘેલા તેમના સાથીદારો સાથે વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા.અગાઉ મણિલાલ વાઘેલાએ વડગામ વિધાનસભા ક્ષેત્રમાં પૂર્વ કેબિનેટ મંત્રી ફકીરભાઈ વાઘેલાને પરાજીત કરી કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.પરંતુ ગત ટર્મમાં તેમની ટીકીટ કાપી કોંગ્રેસે અપક્ષ જીગ્નેશભાઈ મેવાણીને સમર્થન કરતા નારાજ થયા હતા આખરે આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે પુનઃ ધારાસભ્ય બનવા કોંગ્રેસમાંથી પક્ષ પલટો કરી કેસરીયો ધારણ કર્યો છે, જેથી

સામે પક્ષે કોંગ્રેસનો ઉમેદવાર મજબૂત થયો હોવાનું રાજકીય વિશ્લેષકોએ જણાવ્યું હતું.વળી વડગામ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપ/કોંગ્રેસ બંને પાર્ટીઓ વિધાનસભા ચૂંટણીમાં બહાર ના આયાતી ઉમેદવારોને ચુંટણી મેદાનમાં ઉતારે છે.જેથી સ્થાનિક પદાધિકારીઓ, કાર્યકરો અને મતદારોમાં નારાજગી પ્રવર્તે છે.આવનાર વિધાનસભા ચૂંટણીમાં આયાતી ઉમેદવારો માટે આકરી કસોટી સમાન છે. પણ હવે આગામી ચૂંટણીમાં મણિલાલ વાઘેલા અને જીગ્નેશભાઈ મેવાણી વચ્ચે ટક્કર જામે તેવી શકયતા છે.

### આગેવાનોની વિશાળ હાજરી....

વડગામ વિધાનસભા ભારતીય જનતા પાર્ટી દ્વારા વિજય વિશ્વાસ સમલેન પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની અધ્યક્ષતા યોજાયું. તેમાં પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ , બલવંતસિંહ રાજપૂત , સાગરભાઈ રાયકા, ગુમાનસિંહ ચૌહાણ ,પ્રમુખ જીલ્લા ભાજપ, સાંસદ દિનેશભાઈ અનાવાડીયા, ડીસાના લોકલાડીલા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા,પૂર્વ સાંસદ હરિભાઈ ચોધરી, કેશાજી ચૌહાણ અને જિલ્લાના હોદેદારોની ઉપસ્થિતિમાં વડગામના પૂર્વ ધારાસભ્ય મણીભાઈ વાઘેલા એમના સમર્થકો સાથે ભાજપમાં જોડાયા હતા.

## અરવલ્લીના નાથાવાસમાં રાત્રે ગ્રામજનોના શ્વાસ થંભ્યા

**પાગલ યુવક વિજ થાંભલા ઉપર ચઢી જતાં હોહા મચી : વિજ પ્રવાહ બંધ કરી ફાયરબ્રિગેડની મદદથી પાગલને નીચે ઉતારાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

અરવલ્લી જિલ્લાના નાથાવાસ ગામે ગત રાત્રે ગ્રામજનોના શ્વાસ થંભી જાય તેવી ઘટના ઘટી હતી. સ્થાનિક પાગલ યુવક હેવી વિજલાઈનના થાંભલા ઉપર ચઢી જતાં સમગ્ર ગામમાં હોહા મચી પાગલ યુવકને નીચે ઉતારવાના પ્રયાસોમાં નિષ્ફળતા મળતાં આખરે મોડાસાથી ફાયરબ્રિગેડની ટીમને બોલાવી મહામુસીબતે ગ્રામજનોએ તેને નીચે ઉતારી જીવ બચાવ્યો હતો. વિજ પ્રવાહ ચાલુ હોવાના કારણે ગમે તે ઘડીએ જીવ જોખમમાં મૂકાઈ શકે તેવી સ્થિતિથી સૌ કોઈ ચિંતામાં મૂકાઈ ગયા હતા.



અસ્થિર મગજના સ્ત્રી-પુરુષો ગમે ત્યારે મોટી મુશ્કેલી ઉભી કરતા હોય છે. માલપુર તાલુકાના નાથાવાસમાં અસ્થિર મગજના પાગલ યુવક પ્રફુલ કમલેશભાઈ ડાભી ગત રાત્રે અચાનક ગામના હેવી વિજતારથી જોડાયેલા થાંભલા ઉપર ચઢી ગયો હતો. પાગલ યુવક કોઈપણ રીતે નીચે ઉતરવાનું નામ લેતો ન હોવાથી જોત જોતામાં મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ ઉપર ઉમટી પડ્યા હતા. વિજ કરંટ લાગવાથી પાગલ યુવકનો જીવ જોખમાઈ શકે તેમ હોવાથી સૌ કોઈ ચિંતામાં મૂકાયા. વારંવાર પ્રયત્નો કરવા છતાં યુવક થાંભલા પરથી નીચે ઉતરવા ટસના મસ થતો ન હતો જેથી આખરે મોડાસા નગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમને સ્થળ ઉપર બોલાવવામાં આવી. જ્યાં ગ્રામજનોની મદદથી સૌ પ્રથમ વિજ થાંભલાનો વિજ પુરવઠો બંધ કર્યા પછી પાગલ યુવકને નીચે ઉતારવામાં સફળતા મળી હતી. એક તબક્કે તો વિજ કરંટથી પાગલ યુવકનું ગમે ત્યારે કરંટથી મોત નિપજે તેવી સ્થિતિ પેદા થતાં સૌ કોઈના જીવ તાળવે ચોંટી ગયા હતા પરંતુ સદનસીબે ફાયર બ્રિગેડની ટીમ આવ્યા પછી થાંભલા ઉપરથી નીચે ઉતારવામાં આવતાં પરિવારજનોની સાથે ગ્રામજનોએ પણ હાશ અનુભવી હતી.

## ડીપીમાં ધડાકાનો અવાજ થતાં અનેક લોકો બહાર દોડી આવ્યા

**બાયડમાં કપિરાજો બાખડ્યા, લડાઈમાં અન્ય કપિરાજ ડીપી ઉપર પટકાતાં વિજ કરંટથી મોત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડના ગાબટ રોડ ઉપર શનિવાર સવારે કપિરાજો બાખડ્યા પછી લડાઈમાં અન્ય કપિરાજ ડીપી ઉપર પટકાતાં વિજ કરંટથી મોત નિપજ્યું હતું. જ્યારે ડીપીમાં ધડાકાનો અવાજ થતાં અનેક લોકો બહાર દોડી આવ્યા હતા. મૃત્યુ પામેલા કપિરાજને સ્થાનિક જીવદયા પ્રેમીઓએ દફનવિધિ કરી હતી. કાળઝાળ ઉનાળામાં શહેરી વિસ્તારોમાં વાનર ટોળકીનું અતિક્રમણ થયું છે. મહોલ્લા અને શેરીઓમાં હૂપાહૂપ કરતાં દોડતી વાનર ટોળકી હવે અંદરો અંદર આરપારની લડાઈ લડવા આતૂર થઈ છે. બાયડના ગાબટ રોડ વિસ્તારમાં તા.૨૩ના રોજ કોઈ કારણવશ બે વાનરો વચ્ચે લડાઈ થયા પછી મલ્લયુદ્ધ શરુ થયું. સામ સામે દાંતીયાં કરી જંગે ચઢેલા વાનરો પૈકી એક વાનર વિજ ડીપી ઉપર ફંગોળાયો જેમાં ધડાકા સાથે ડીપીમાં ફાયર થવાથી કરંટનો ભોગ બનેલ વાનર જમીન ઉપર પટકાતાંની સાથે મોતને ભેટ્યો. ધડાકાનો અવાજ સાંભળી આસપાસમાંથી અન્ય લોકો પણ સ્થળ ઉપર દોડી આવ્યા જેમાં બે વાનરો વચ્ચે લડાઈ થવાથી વાનર કરંટનો ભોગ બન્યાનું જાણતાં અરેરાટી અનુભવી. ઘટનાની જાણ થતાં કેટલાક જીવદયા પ્રેમીઓએ ત્યાં આવી પહોંચી મૃતક કપિરાજને જમીનમાં દફનાવી પુણ્યનું કામ કર્યું હતું. અગાઉ પણ બાયડની ઘનશ્યામનગર સોસાયટીના એક મકાનમાં બે વાનરો સામસામે આવી જતાં લોહીલુહાણ થઈ ગયા હતા. ઘણા લાંબા સમય પછી હવે ગાબટ રોડ ઉપર વાનરોની જોખમી લડાઈથી લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં.

## સાબરકાંઠા પોલીસને સલામ

## દિવ્યાંગ પરીક્ષાર્થીને પોલીસકર્મીએ એક્ટિવા પર બેસાડી પરીક્ષા ખંડમાં પહોંચાડી કરી માનવતા મહેંકાવી

મોડાસા, તા. ૨૪

પોલીસમાં માનવતાની લાગણી નથી હોતી એવો આક્ષેપ અવારનવાર કરવામાં આવતો હોય છે ખાખી વરદી પહેરેલા પોલીસની ઈમેજ સામાન્ય રીતે કડક હોય છે.



જો કે ખાખી વરદીની પાછળ માનવતાવાળો ચહેરો પણ છુપાયેલો હોય છે એવા અનેક અનુભવ જરૂરિયાતમંદ વાળા લોકોએ અનુભવ્યા છે રાજ્યમાં આજે બિન સચિવાયલની પરીક્ષામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ અને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ કરવા ખડેપગે ફરજ બજાવી હતી સાબરકાંઠા પોલીસકર્મીએ ફરજ દરમિયાન એક દિવ્યાંગ પરીક્ષાર્થીને સેન્ટર થી પરીક્ષા ખંડ દૂર હોવાથી તેની મદદે પહોંચી એક્ટિવા પર બેસાડી પરીક્ષાખંડમાં પહોંચાડી માનવતા મહેકાવી હતી અન્ય પરીક્ષાર્થીઓએ પણ દિવ્યાંગ વિદ્યાર્થીની મદદે પહોંચેલી પોલીસકર્મીની સરાહના કરી હતી.

સાબરકાંઠાના હિંમતનગર શહેરની હિંમત હાઈસ્કૂલમાં બિન સચિવાયલની પરીક્ષાનું સેન્ટર ફાળવવામાં આવ્યું હતું આ સેન્ટરમાં એક દિવ્યાંગ પરીક્ષાર્થીનો નંબર હોવાથી સેન્ટર પર પહોંચ્યો હતો દિવ્યાંગ વિદ્યાર્થી ચાલી શકતો ન હોવાથી પરીક્ષા સેન્ટરના પ્રવેશદ્વાર થી પરીક્ષાખંડ દૂર હોવાથી તડકો અને મેદાનમાં દિવ્યાંગ વિદ્યાર્થીને તકલીફ ન પડે તે માટે તાબડતોડ બે પોલીસકર્મી દિવ્યાંગ વિદ્યાર્થીને મદદ કરવાનો નિર્ણય કરી પોલીસકર્મીઓએ દિવ્યાંગ પરીક્ષાર્થીને એક્ટિવા પર બેસાડી પરીક્ષાખંડ સુધી પહોંચાડવાની સાથે તેના સ્થળે બેસાડી મદદરૂપ બની માનવસેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું દિવ્યાંગ પરીક્ષાર્થી સહીત અન્ય પરીક્ષાર્થીઓએ પોલીસકર્મીની મદદને સલામ કરી હતી

## ગુજરાત ઉચ્ચ શિક્ષણ નિયામક એમ.નાગરાજને અરવલ્લીના પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી

**અરવલ્લી જિલ્લાના ૬૦ કેન્દ્ર પર બિનસચિવાલયની પરીક્ષા યોજાઈ**

### ગુજરાત ઉચ્ચ શિક્ષણ નિયામક એમ.નાગરાજને પરીક્ષા કેન્દ્રોની મુલાકાત કરી....

અરવલ્લી જિલ્લાના ૬૦ કેન્દ્રો ખાતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિનસચિવાલય અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા યોજાઈ, જેનું નિરીક્ષણ કરવા માટે ગુજરાત ઉચ્ચ શિક્ષણ નિયામક એમ.નાગરજને મુલાકાત કરી હતી. છેલ્લા એક સપ્તાહથી ઉચ્ચ શિક્ષણ નિયામક એમ.નાગરાજન અરવલ્લી જિલ્લાની મુલાકાતે છે ત્યારે શાંતિપૂર્ણ માહોલ અને કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તેવા પ્રયાસો થયા હતા અને ઉચ્ચ અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત કરીને માહિતી મેળવી હતી. જિલ્લાના વિવિધ કેન્દ્રો ખાતે નિયામક એમ.નાગરાજને મુલાકાત લીધી હતી.



મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત બિનસચિવાલય અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા યોજાઈ રહી છે. આ પરીક્ષા માટે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને પોલિસ તંત્ર સતર્ક છે. તમામ પરીક્ષા કેન્દ્રો પર પોલિસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય તેવા પ્રયાસો સરકાર અને સ્થાનિક તંત્ર પોલિસ સાથે હકારાત્મક પ્રયાસો કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લા પોલિસ વડા સંજય ખરાતની દેખરેખ હેઠળ 2 Dy.SP. ભરત બસિયા અને એન.વી.પટેલ બે ડિવિઝનમાં પોલિસ બંદોબસ્તની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. સાથે જ કાયદો વ્યવસ્થા અને શાંતિનો ભંગ ન થાય તે માટે પોલિસ ખેડપગે છે. સોશિયલ મીડિયા પર ખોટી અફવાઓ ન ફેલાય તે માટે પોલિસ સતત નજર રાખી રહી છે.

## અરવલ્લીમાં આમઆદમી પાર્ટીના વોટ્સએપ ગૃપમાં અશ્લિલ તસવીર વાયરલ

**પાર્ટી માટે શરમજનક સ્થિતિ ઉભી થઈ : કાર્યકરોએ પોસ્ટ મુદે મોંઢાં સીવી લીધાં**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

અરવલ્લીમાં આમઆદમી પાર્ટીના વોટ્સએપ ગ્રુપમાં કોઈ કાર્યકરે અશ્લિલ તસવીર વાયરલ કરતાં પાર્ટી માટે શરમજનક સ્થિતિ ઉભી થઈ છે. વોટ્સએપ ગ્રુપમાં સામાન્ય રીતે પાર્ટી દ્વારા થતા આંદોલનો તેમજ કામગીરીની આપલે થતી હોય છે પરંતુ અચાનક વોટ્સએપ ગૃપમાં અશ્લિલ તસવીર જોઈ અસંખ્ય કાર્યકરો ચોંકી ગયા છે. ઉભી થયેલી શરમજનક સ્થિતિ અંગે પાર્ટીના કાર્યકરોએ હવે મોઢાં સીવી લીધાં છે.

રાજકીય પાર્ટીઓ દ્વારા ચલાવાતા સોશ્યલ મીડીયાના ગૃપમાં અશ્વિલ વિડીયો તેમજ ફોટા વાયરલ થવાની ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. સંસ્કારની વાતો કરતા રાજકીય આગેવાનોની ગૃપમાં મોજૂદગી છતાં ક્યારેક એકાદ પાર્ટી કાર્યકરની હરકતના કારણે સમગ્ર પાર્ટી બદનામ થતી હોય છે. અરવલ્લી જિલ્લામાં આમઆદમી પાર્ટી હજુ પોતાનું સ્ટેન્ડ ઉભું કરવા માટે જમીન શોધી રહી છે ત્યાં પાર્ટીના એક કાર્યકરની કરતૂતથી આમઆદમી પાર્ટીના આગેવાનોને ઉંધુ ગાલવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે જેમાં એક કાર્યકર પાર્ટી દ્વારા ચલાવાતા વોટ્સએપ ગૃપમાં અશ્લિલ તસવીર વાયરલ કરતાં હડકંપ મચી ગયો છે. જ્યારે અલિલ તસવીર પોસ્ટ થયા પછી કેટલાક કાર્યકરોએ તેને ડીલીટ કરવા માટેનો પ્રયાસ કર્યો પરંતુ ખાસ્સો સમય વીતી જવાની સાથે તસવીર તમામ સભ્યો સુધી વાયરલ થઈ જતાં આ મુદ્દો ટોક ઓફ ધ ડીસ્ટ્રીક્ટ બની ગયો છે. સોશ્યલ મીડીયાના ગૃપમાં કયા કાર્યકરે પાર્ટીને નીચું જોવું પડે તેવી હરકત કરી છે તે હજુ ધરબાયેલું રહ્યું છે પરંતુ આ મુદ્દો ખાસ્સો ચર્ચાનો વિષય બન્યો છે.